


(તસવીર : કશ્યપ નિમાવત)

નવા દિશાસૂચક બોર્ડ - શહેરમાં આજકાલ નવા સાઈન બોર્ડ નજરે પડે છે... છેલ્લા ત્રણ વર્ષમાં નવી-નવી ડિઝાઈનથી સાઈન બોર્ડ બનતા રહ્યા છે... આજકાલ કલર કોમ્બીનેશનમાં તૈયાર કરાયેલા સાઈન બોર્ડ આકર્ષક બન્યા છે... રાહદારીઓનું ધ્યાન બોર્ડ તરફ તુરત જ ખેંચાય છે... પ્રથમ વખત પરંપરાગત ડિઝાઈન અને કલર કોમ્બીનેશનમાંથી બહાર નીકળી અલગ પ્રકારના કલર કોમ્બીનેશનને ધ્યાનાકાર્ષક બનાવ્યું છે...

# શહેરમાં એલઈડી લાઈટનુ અજવાળુ પાથરવાનો પ્રોજેક્ટ ટુંકમાં આખરી થશે

## વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ ચીફ સેક્રેટરી સાથે યોજાયેલી બેઠકમાં પણ ચર્ચા વિચારણા હાથ ધરાઇ

ગાંધીનગર તા ૨૩

શહેરમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પાથરવાનો પ્રોજેક્ટ ટુંક સમયમાં આખરી થાય તેવી સંભાવના છે. વિભાગના ઉચ્ચ અધિકારીઓની આજે રાજયના ચીફ સેક્રેટરી સાથે યોજાયેલી બેઠક દરમિયાન આ મદ્દે પણ જરૂરી ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. શહેરના વિવિધ સાત સેકટારોમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ પ્રાયોગિક ધોરણે અમલી બનાવવાની વિચારણાના અંતે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં અજવાળુ પાથરવા માટે સ્ટ્રીટ લાઈટના અંદાજિત ૧૮ હજાર જેટલા થાંભલા અસ્તિત્વ ધરાવે છે. જયારે આ સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ ટોરેન્ટ પાવર સોંપવામાં આવ્યુ હતુ. પરંતુ વર્ષોના અંતે ટોરેન્ટ પાવરે આ જવાબદારીમાંથી હાથ ઉંચા કરી લેવાની સ્પષ્ટતા કર્યા બાદ માર્ગ મકાન વિભાગ માટે સ્ટ્રીટ લાઈટની જાળવણીના મામલે નવી વ્યવસ્થા વિચારવાનો સમય આવ્યો છે. એકબાજુ સ્ટ્રીટ લાઈટનુ તોતિંગ વીજ બીલ તેમજ તેની જાળવણી માટે વર્ષ દરમિયાન થતા તોતિંગ ખર્ચને લઈને પણ તંત્ર દ્વારા નવુ આયોજન વિચારવામાં આવી રહયુ છે. જેમાં શહેરના સાત સેકટરોમાં પ્રાયોગિક ધોરણે એલ ઈ ડી લાઈટ મુકવા માટે પણ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેના પરિણામે વીજ બીલમાં પણ બચત થાય તેવી શકયતા છે. આજે વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ ચીફ સેક્રેટરી સાથે યોજાયેલી બેઠક દરમિયાન પણ શહેરમાં સ્ટ્રીટ લાઈટના મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે ટુંક સમયમાં જ એલ ઈ ડી લાઈટના પ્રોજેકટ અંગે ટુંકમાં કોઈ નિર્ણય લેવાય તેવી શકયતા છે.



ચૂંટણીનો ગરમાવો - જીલ્લા પંચાયતની ચૂંટણી માટે પ્રચાર ઝુંબેશ અંતિમ તબક્કામાં પ્રવેશી રહી છે... ત્યારે આક્ષેપ - પ્રતિઆક્ષેપો, સભાઓ અને રેલીઓનો ધમધમાટ વધ્યો છે... સોમવારે સાંજે જિલ્લાના રૂપાલ ખાતે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને વિધાનસભા વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાની જાહેરસભા યોજાઈ હતી. ગાંધીનગર જિલ્લાના વતની હોવાને નાતે રૂપાલ સાથેના સંસ્મરણો તાજા કરી પોતાની આગવી શૈલીમાં ભાજપની સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા...

# વન વિભાગના ૧૦૦ રોજમદારોને પગાર બોનસ ચુકવાયા નથી

## ગ્રાન્ટ આવ્યા બાદ પણ રોજમદારોને પૈસા ચુકવી શકાયા નથી : દિવાળી બોનસ પણ મળ્યુ નથી

ગાંધીનગર તા ૨૩

વન વિભાગના ૧૦૦ જેટલા રોજમદારોને ગત ઓકટોબર મહીનાનો પગાર તેમજ દિવાળી બોનસ મળ્યુ નથી. વિભાગને સમયસર ગ્રાન્ટ ન મળતા મજુરોને દિવાળી ટાંણે પૈસા મળ્યા નથી. જયારે ગ્રાન્ટની વ્યવસ્થા થયા બાદ પણ ટ્રેઝરી અધિકારી ચુંટણીની જવાબદરીમાં રોકાયેલા હોવાથી વિભાગને ગ્રાન્ટ ઉપલબ્ધ થઈ નથી.અગાઉ પણ વન વિભાગના મજુરોને મહેનતાણુ ચુકવાયુ ન હોવાનો કકળાટ પ્રવર્તયો હતો.

શહેરમાં વન વિભાગની કામગીરી અને વહીવટ બન્ને ખાડે ગયા છે. વન વિભાગ દ્વારા શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી પણ યોગ્ય રીતે થઈ નથી. લાંબા સમયના અંતે પણ સેકટરોમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ આમ નાગરિકો માટે અવરોધરૂપ બની રહી છે. ગત ચોમાસા બાદ નાગરિકોની પ્રબળ રજુઆતના અંતે પણ તંત્ર દ્વારા સેકટરોના આંતરિક વિસ્તારોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરી શકાયુ નથી. જયારે શહેરના મુખ્ય માર્ગો આસપાસ પણ વૃક્ષો યથાવત સ્થિતિમાં જોવા મળી રહયા છે. વન વિભાગ દ્વારા અગાઉ નાટકીય દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે થોડા સમયમાં જ યથાવત જગ્યાએ દબાણો ગોઠવાઈ ગયા છે. શહેરમાં વન વિભાગ આરક્ષિત જગ્યામાં જ કચરાના ઢગ ખડકાયા છે. પરંતુ લાંબા સમયથી વન વિભાગ દ્વારા આ તરફ દુર્લક્ષ્ય સેવાઈ રહયુ છે. વૃક્ષોનુ ટ્રીમીંગ સમયસર ન થતા માર્ગ તેમજ વિવિધ વિસ્તારોની ઓળખ પુરવાર કરતા સાઈન બોર્ડ પણ પ્રાથમિક દ્રષ્ટીએ જોઈ શકાતા

● અનુસંધાન પાન-૭ પર

# ઠંડી જામતી નથી અને ખેડૂતનું મન ખેતી માટે લાગતુ નથી

## પ્રતિકૂળ હવામાનને લઈ રવિ સીઝનની વાવણી ધીમી ગતિએ

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લામાં ઠંડી જામતી નથી અને ખેડૂતોનું મન વાવેતરમાં લાગતુ નથી. જિલ્લામાં પ્રવર્તતા પ્રતિકૂળ હવામાનને લઈ રવિ સીઝનના વાવેતર માટે ખેડૂત ચિંતાતુર બની નિરાશામાં ગરકાવ થઈ ગયો છે.

જિલ્લામાં રવિ સીઝનમાં હજુ સુધી માત્ર ૧૨ હજાર હેક્ટરમાં જ વાવેતર થયું છે. જેમાં ઘઉ, શાકભાજી અને ઘાસચારાના વાવેતર ઉપરાંત બટાટા તેમજ વરિયાળીના પાકના સમાવેશ થાય છે.

નવેમ્બર મહિનો પૂર્ણ થવા આવ્યો પરંતુ વાવણી માટે જોઈએ તેવુ હવામાન હજુ પ્રવર્તતુ નથી. તેમજ આ વખતે વરસાદની ઘટને પગલે ઠંડી હજુ જામી નથી અને જમીનમાં ભેજ પણ જોઈએ તેટલો નથી આથી ખેડૂતો રવિસીઝનને લઈ ચિંતાતુર છે.

જિલ્લામાં ૬૦ હજાર હેક્ટરમાં વાવેતર થવાના અંદાજો સાથે પાક આયોજન તૈયાર તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

આ વખતે પણ ખેડૂતો ઘાસચારાના વાવેતરની સાથે સાથે રોકડિયા પાકોના વાવેતરને અગ્રતા આપી રહ્યા છે. શાકભાજીના પાકોનું વાવેતર ત્રણેક હજાર હેક્ટરમાં નોંધાયું છે. તો બટાટાની ખેતી પણ થોડીક થઈ છે. જિલ્લામાં ઘઉનું વાવેતર ૪ હજાર હેક્ટરમાં થઈ છે.

એકાદ સપ્તાહ સુધી જો આવુ જ વાતાવરણ ચાલુ રહે તો રવિસીઝનનું વાવેતર ઘટવાનો ભય ઉભો થયો છે. દિવસની ગરમી ખેડૂતોને સતાવી રહી છે. જિલ્લામાં આ વખતે ઘઉંના પાકનું વાવેતર ઘટશે તેમ ખેડૂત આગેવાનોનું પણ માનવું છે.

# સત્તાના નશામાં ચકચૂર ભાજપના વાણી-વ્યવહારને નાથવાનો સમય પાક્યો છે

## રૂપાલ ખાતે ચૂંટણી પ્રચાર સભામાં શંકરસિંહ વાઘેલાના ભાજપ સરકાર પર આકરા પ્રહારો

ગાંધીનગર, તા. ૨૩

ભાજપને સત્તા સોંપ્યા પછી તેના વાણી વ્યવહાર અને વર્તનમાં જે બદલાવ આવ્યો છે તેને પારખી હવે ધરતી પર લાવવાનો સમય આવી પહોંચ્યો છે. તેમ વિપક્ષના નેતા અને કોંગી અગ્રણી શ્રી શંકરસિંહ વાઘેલાએ આજે રૂપાલ ખાતે જાહેરસભા સંબોધતાં જણાવ્યું હતું.

શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે પોલીસદમન અને આડેધડ કેસો કરી પકડીને પુરી દેવાની નીતિ, શિક્ષણ અને આરોગ્ય સેવાઓને ખાડે નાખવાનુ પાપ તેમજ ખેડૂતોને પણ ખોટી વાતો કરનારા આ ભાજપનો પ્રયોગ હવે વધુ ના કરાય.

તેમણે જણાવ્યું કે રાજયમાં ૯ લાખ ખેડૂતો વીજ જોડાણ મેળવવા લાઈનમાં છે અને સરકાર કહે છે કે વીજળીમાં અમે સરપ્લસ છીએ. જુઠ્ઠાણાની હદ હોય છે. કપાસના ભાવો માટે મનમોહનસિંહ સરકારને ખેડૂતોના નામે ભાંડનારાઓ આજે ખેડૂતોના આપઘાતના મુદ્દે બોલવાનું ટાળી રહ્યાં છે. કરોડોના ખર્ચે ભ્રામક જાહેરાતો થકી પ્રજાને છેતરવાનું પાપ ભાજપે કર્યું છે. દિલ્હી અને બિહારની પ્રજાએ તેમની હલકી ભાષા અને પ્રયોગોને પારખી લઈ પંદર દિવસમાં જાકારો આપી દીધો છે. આપણે પંદર વર્ષે હવે જાગી ગયા છીએ જાકારો આપીને જ ઝંપીએ.

તેમણે શિક્ષણના ખાનગીકરણનો ઉલ્લેખ કરી જણાવ્યુ કે ફી પર નિયંત્રણ લાદી અને સંચાલકોને જો ખોટ જતી હોય તો સરકાર તેની ભરપાઈ કરે પણ પ્રજાને વેપલો કરનારાઓની લૂંટથી બચાવે.

શ્રી વાઘેલાએ ભાજપની નીતિઓ પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે તેમને સત્તાનો નશો ચડી ગયો છે. મતદારયાદીમાંથી નામો કમી થવાની ઘટના નાની નથી. તેમણે કહ્યુ કે હલકી ભાષા, દાદાગીરી અને ભ્રષ્ટાચાર એ ભાજપની ઓળખ બની ગઈ છે.

આ સભામાં તેમણે રૂપાલ ગામ સાથેના સંસ્મરણોને તાજા કર્યા હતા અને તેમને શિક્ષણ આપનારા શિક્ષકો તેમજ તેમની સાથે અભ્યાસ કરનારાઓને પણ યાદ કર્યા હતા.

કોંગ્રેસના મહામંત્રી શ્રી નીશિત વ્યાસે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે કોંગ્રેસ એક પક્ષ નહિ પણ જિલ્લાનો પરિવાર છે. અહિ વિચારધારાથી જોડાયેલા સંબંધો એ આજે પણ કોંગ્રેસને જીવંત રાખી છે એટલુ જ નહિ કોંગ્રેસ અને તેમની

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની અદાલતોમાં ૧૨ ડીસેમ્બરે રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન

ગાંધીનગર તા ૨૩

જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તેમજ તાલુકા સેવા સમિતિ દ્વારા કલોલ માણસા દહેગામ તેમજ ગાંધીનગર સહીત જિલ્લાની તમામ કોર્ટમાં આગામી તા ૧૨ ડીસેમ્બરના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ છે. પૈસાની બચત તેમજ સમાધાન પાત્ર કેસોનો ઝડપી નિકાલ કરવા પક્ષકારોને અનુરોધ કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ સુપ્રિમ કોર્ટ નવી દિલ્હી તેમજ ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ અને હાઈકાર્ટની સુચના અન્વયે ગાંધીનગર જિલ્લાની તમામ દિવાની ફોજદારી તેમજ મજુર અદાલત સમક્ષ રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૧૨ ડીસેમ્બરના રોજ યોજાનારી રાષ્ટ્રીય લોક અદાલતમાં કેસ મુકવા માટે અરજદારોએ કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી.

પૈસાની બચત તેમજ મુજબ લોક અદાલતમાં થયેલા પ્રત્યેક ચુકાદા આખરી ગણાશે અને વિવાદના તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.તેમજ આવા ચુકાદા સામે

**પૈસાની બચત અને સમાધાનપાત્ર કેસોના ઝડપી નિકાલ માટે રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન**

સમાધાનપાત્ર કેસોનો ઝડપથી નિકાલ કરવા લોક અદાલતમાં કેસ મુકવા અપીલ કરવામાં આવી છે. લોક અદાલતમાં મુકવામાં આવેલા કેસોનો સમાધાન અગર પતાવટથી નિકાલ આવે ત્યારે તેવા કેસોમાં ભરેલી કોર્ટ ફી જોગવાઈ મુજબ પરત કરવામાં આવશે.કાયદાની કલમ ૨૧(૨) કોઈપણ કોર્ટમાં અપીલ કરી શકાશે નહીં. લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે.એટલુ જ નહીં પરંતુ અરજદાર અને ન્યાય વચ્ચેનો સલામત સેતુ પણ છે. જે પક્ષકારોના કેસ કોર્ટમાં પેન્ડીંગ હોય તેઓએ તેમના વકીલ સાથે કોર્ટમાં સંપર્ક કરવા પણ જણાંવાયુ છે.

સર્વે વાલીગણ, વિદ્યાર્થીઓ, શિક્ષણ જગતના સ્નેહીજનો તથા નગરજનોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન
પટેલ મહેન્દ્રભાઈ
હિંમત હાઈસ્કૂલ
હિંમતનગર, જી. સાબરકાંઠા

નૂતન વર્ષ આપના જીવનમાં પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભકામના સહ
નૂતન વર્ષાભિનંદન....
બોમ્બે ટચ
ગોલ્ડ એન્ડ સીલ્વર ટેસ્ટીંગ લેબોરેટરી
મહારાણી શાહના નહોરામાં
નવા બજાર, હિંમતનગર

Happy Diwali &
Happy New Year
Ahmed Rathod
Mo. : 98259 94791
(O) : 02772-249754
Vahid Rathod
Mo. : 98243 74127
Makbul Sabugar
Mo. : 99244 08515
(O) : 02772-249754
(R) : 02772-241061
DATAR
MEDICAL STORES
Hardwala Building,
Nr. Dr. Sikandar's Hospital,
Ground Floor, Hajipura,
Himatnagar - 383 001

Happy Diwali & Happy New Year
Gopalsingh Rathod
Director
NG PROJECTS LTD
NG CIRCLE
Himmatnaga-383 001 (Gujarat)
Mobile : 99099 82901 Phone : 02772-222404
Email : gopalsingh2008@live.in • ngpl-hmt@rediffmail.com

નૂતન વર્ષ આપ સૌના જીવનમાં સુવર્ણ ઉજાસ પ્રસરાવે તેવી શુભકામના સહ...
નૂતન વર્ષાભિનંદન...
શ્રી અંબુજી વીહોલ
તલાટી કમ મંત્રી
બેરણા ગ્રામ પંચાયત
જી. સાબરકાંઠા

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com